# ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૬

અંક : ૪


## મારૂ ખેતર કરે સાત વખત વાવેતર

સરકારશ્રીની મિશન મંગલમ યોજના હેઠળ ખેતિ અને પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ આર્થિક અને શૈક્ષણિક પછાત મહિલા અથવા મહિલા જુથો માટે ઓછા ખર્ચે વધુ નફાકારક ખેતી પધ્ધતિ અમલમાં આવેલ છે.

<u>ધાન્ય પાકોઃ–</u> ઘઉં, ડાંગર, બાજરી, મકાઈ.
<u>કઠોળ પાકોઃ–</u> તુવેર, મગ, ચણા, સોયાબીન.
<u>કંદમૂળ પાકોઃ–</u> બટાકા, શકકરીયા, બીટ.
<u>પાંદડાવાળાપાકોઃ</u> ધાણાં, લીલી ભાજી, કોબીજ
<u>વેલાવાળા પાકોઃ–</u> કાકડી, દુધી,ગલકાં વિગેરે
ઘા<u>સચારાના/બોર્ડર પ્લાન્ટેશનઃ–</u> રજકો, વાંસ
<u>ફળવાળા પાકોઃ–</u> કેળા પપૈયા વિગેરે

આમ ઉકત મુજબની આદર્શ ખેતી પધ્ધતિના આયોજનથી પુરા વર્ષ દરમિયાન તમામ પાકોને આવરી લઈ તેમાંથી એક એકરના ખેતરમાંથી અંદાજીત વાર્ષિક રૂા. ૫૭, ૭૦૦/– જેટલી ચોખ્ખી આવક મેળવી શકાય તેમજ ગરીબ પરિવારને વર્ષ દરમિયાન પોષણયુકત આહાર તેમજ આજીવિકા સાથે જોડવા સંસ્થા જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાથે રહી જરૂરી તાલીમો થકી તે પરિવારો સાથે જોડાયેલ છે.

## કાર્યકરોની જરૂર છે

સંસ્થાને તેના આગામી કાર્યોને ધ્યાનમાં લેતા નીચે મુજબની કુશળતા ધરાવતા કાર્યકરોની જરૂર રહેશે તો રસ ધરાવતા ઉમેદવારોએ દિન ૪ માં સંસ્થાના સરનામે પોતાના સંપુર્ણ બાયોડેટા તથા જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે અરજી મોકલી આપવી. જેમ જરુર હશે તેમ એપ્રોપ્રીયેટ બાયોડેટા ધરાવતા ઉમેદવારોનો સંપર્ક કરવામાં આવશે.

૧. **પ્રોજેકટ કોઓર્ડીનેટરઃ** ખેતી વિષયક માસ્ટર ડીગ્રી, પાંચ વર્ષનો અનુભવ
૨. **એગ્રોનોમીસ્ટઃ** બીએસસી/એમએસસી એગ્રી, બે વર્ષનો અનુભવ
૩. **ફીલ્ડ ઓફીસરઃ** એમએસડબલ્યુ, એમઆરએસ, ત્રણ થી પાંચ વર્ષનો અનુભવ
૪. **ફીલ્ડ ફેસીલીટેટરઃ** બીઆરએસ અથવા ગ્રેજયુએટ એક થી બે વર્ષનો અનુભવ
૫. **ડોકયુમેંટેશન ઓફીસરઃ** ગ્રેજયુએટ અંગ્રેજી કોમ્પ્યુટરના જાણકાર

***સાચી કેળવણી તો બાળકની અંદર રહેલુ હીર પ્રગટાવવામાં રહેલી છે.***

**The Day Care School - Bagasara**

The Day Care School is an educational institute established on Monday 17th June 2013. The school is an environment created for the children from the nomadic tribe.

The nomadic tribe as infamous for travelling eight months a year for work and coming back to a base for 4 months during the monsoon season. There are major effects of unstable base for the communities, with the most important being on the children of the tribe. With an education constantly disrupted or close to non-existent, the children find themselves trapped into a similar cycle as their parents.

The idea of the Day Care School is a result from the success of the Bal Sanskar Kendras - a two hour value based learning centre based in financially unstable communities across Bagasara. One particular relationship built between the organisation and the nomadic tribe has given the parents a trust in the organisation to allow there children to be on the campus for the majority of the day.

The day begins at 8:30 am with a collective prarthana, bal sabha and country salutation. This is followed by two and a half hours of activity based learning bringing us to 11:30 am where the children are encouraged to engage in oral work. After a hot lunch and recess, the children engage in more learning activities between 2:00 pm and 4:00 pm. From 4:00 pm to 5:00 pm the children learn active skills such as computer and sangeet. The full day provides a positive atmosphere whereby the children are under good influences which they can carry as life lessons. The concept of the Day Care School is not just to provide an education to the children but to implement life skills, morals and values from which they can gain an independence and confidence for their own future - learning to take responsibility for their future and in which direction they want it to go.

<u>Project aims:</u>

Regular meetings with parents

Bringing a total of 30 children during the year

A two day workshop to prepare the children

A creative, fun approach to education (Bal Sabha)

Health Awareness and hygiene imple

mented - increasing child self- sufficiency. Introducing computer and music skills to the children
A cultural programme every 3 months
Up to 2 trips in the whole year
Constantly exploring new ways to educate the children.

Output:

General knowledge implementation, Enthusiasm towards education, Educational awareness (for parents), Moral & Values combined with life skills, Motivated to break out of the migrating cycle and a change of the "we are poor" mindset, Healthy body and mind Civil living lifestyle, Enjoying childhood without the burdens carried by parents (financial)

**એક હતા રાજા**

એક વખત મહારાજા યુધિષ્ઠિર બધા યાચકોને દાન આપી રહયા હતા. સાંજ પડી ગઈ હતી પરંતુ દાન લેનારાઓની લાંબી લાઈન હતી. યુધિષ્ઠિર સવારથી દાન આપી રહયા હતા આથી થાક પણ લાગ્યો હતો અને હવે આરામ કરવાની ઈચ્છા હતી એટલે ઉભા થઈને એમણે જાહેરાત કરી હવે સંધ્યા ઢળી ગઈ છે અને રાત થઈ ગઈ છે માટે અત્યારે દાન આપવાનું બંધ કરવામાં આવે છે. કાલે સવારે હું આપ બધાને દાન આપીશમાટે આવતીકાલે સવારે આવજો જાહેરાત સાંભળી બધા યાચકો જતા રહયા.

ભીમને જયારે આ ઘટનાની જાણ થઈ એટલે એ તુરંત જ વિજયઘંટ પાસે ગયો અને પુરી તાકાતથી વિજયઘંટ વગાડવા લાગ્યો. નગરના લોકો સહિત મહેલમા રહેતા તમામને આશ્ચર્ય થયું કે અત્યારે તો આપણા રાજયને બીજા કોઈ સાથે યુધ્ધ ચાલતું જ નથી તો પછી આ વિજયઘંટ કેમ વાગે છે? બધા લોકો વિજયઘંટ પાસે ભેગા થઈ ગયા અને જોયુ તો ભીમ આ વિજયઘંટ વગાડી રહયો હતો.

યુધિષ્ઠિરે ભીમને અટકાવીને અત્યારે વીના પ્રયોજને આ વિજયઘંટ વગાડવાનું કારણ પુછયું તો ભીમે પ્રત્યેતર આપતા કહયુ, "મોટાભાઈ આપે મહાકાળ પર વિજય મેળવ્યો છે માટે આ વિજયઘંટ વગાડુ છું આ સમગ્ર ધરતી પરની તમે મહાકાળ પર વિજય મેળવ્યો હોય તેવી પ્રથમ વ્યકિત છો" યુધિષ્ઠિરને કંઈ સમજ ન પડી કે ભીમ આ શું બોલે છે એટલે એણે ભીમને સ્પષ્ટતા કરવા કહયું.

ભીમે કહયું "મોટાભાઈ આપે યાચકોને આવતીકાલે દાન લેવા આવવા માટે કહયું એનો મતલબ એમ થયો કે આપને પુરી ખાતરી છે કે આપ આવતીકાલે જીવીત રહેવાના છો. આવનાર ક્ષણની ખુદ દેવોને પણ ખબર નથી હોતી ત્યાં તમે આવી જાહેરાત કરી કે જે બતાવે છે કે તમે મહાકાળ પર વિજય મેળવી લીધો" યુધિષ્ઠિરને પોતાની ભુલ સમજાઈ એટલે તુરંત જ બધા યાચકોને બોલાવીને દાન આપવાનું ચાલુ કર્યુ.

જે કાર્ય આજે થઈ થઈ શકે તેમ હોય એવા કોઈ કાર્યને કયારેય કાલ પર ન ઠેલવું કારણ કે આવતીકાલે શું થવાનું છે તેની આપણને કોઈને કંઈ જ ખબર નથી. આવતી કાલ પર ઠેલેલા કોઈ કામને કારણે જીવનભરનો પસ્તાવો રહે એવું પણ બંને.

## સીએડીપી–૨

લોક ભાગીદારીથી પોતાના ગામમાં પીવાના પાણી તથા સ્વચ્છતાની જાળવણી માટે શરૂ કરાયેલ ૧૫ ગામોની પ્રક્રિયામાં સંસ્થાની ટીમ ઓકટોબર ૧૩ થી જોડાઈ છે.

બધા ગામોમાં બેઈઝ લાઈન સર્વે હાથ ધરી પ્રાથમિક માહિતી મેળવી હતી તેમજ લોક સહયોગ મળી રહેશે તેની શકયતા તપાસી જે તે પંચાયતોએ પોતે આ યોજનામાં જોડાવા સંમતિ પત્રો આપ્યા હતા. તમામ ગામોમાં શાળા કાર્યક્રમ, ગ્રામ સફાઈ, ફળીયામીટીંગો તથા સ્વસહાય જુથોના ગઠન અને તેની મીટીંગો કરી સામાજીક પ્રક્રિયા હાથ ધરેલ છે.

૧૪ ગામોમાં સહભાગી ગ્રામિણ મુલ્યાંકન કરી પાણી સમિતીઓની પુનઃરચના કરી હતી. તે પૈકી ૯ ગામની પાણી સમિતીઓએ બેંકમાં બચત ખાતુ ખોલી તેમાં લોકફાળો જમાં કરાવવાની કાર્યવાહી શરૂ કરી છે. લોકફાળો મેળવવામાં સંસ્થાની ટીમને અગાઉના અનુભવો લોકો જણાવે છે. જે બાબત આ યોજના માટે ઘણી મુશ્કેલ પરિસ્થિતિનું સર્જન કરે છે લોકો જાહેર કાર્યોમાં ભુતકાળનુ પરિવર્તન થશે તેમજ માનીને ચાલતા હોય છે.

૧૦ ગામોમાં ટેકનીકલ સર્વે કરી યોજના તૈયાર કરી તેની મંજુરીની પ્રક્રિયાઓ હાથ ધરાઈ જે પૈકી ૫ યોજનાઓ મંજુર થયેલ છે અને તેમાંથી એક ગામમાં તેમની યોજનાનો કરાર થતા તે ગામમાં યોજનાની કામગીરી શરૂ થઈ છે.

કાર્યવિસ્તારની ૩ સાઈટો પસંદ કરી વોટર રિસોર્સ મેનેજમેંટના ભાગ રુપે તેનો ટેકનીકલ સર્વે કરવામાં આવ્યો છે તેમજ સનીટેશન સર્વે અને સોશ્યલ મેપીંગની કાર્યવાહી ચાલુ છે.



**બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.**

## જુનાગઢ ભાવનગર–લેપ્રેસી કોલોની વિઝીટ

સાસાકાવા લેપ્રેસી ફાઉન્ડેશન લેપ્રેસી કોલોનીમાં વસવાટ કરતા વ્યકિતઓની આજીવીકાના સંદર્ભમાં નાણાકીય સહયોગ કરે છે. શૈક્ષણિક તથા તકનીકી માર્ગદર્શન માટે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર મેન્ટર સપોર્ટ કરે છે.

ઉકત ફાઉન્ડેશનના પ્રતિનીધી શ્રી અતુલકુમાર આ બંને કોલોનીના લોકોને મળવા તા. ૯, ૧૦ એપ્રિલ ૨૦૧૪ ના રોજ આવ્યા હતા તેમાં સંસ્થાના પ્રતિનિધિઓ વિજયા કુંકવાવ, રીંકલ ભાલાળા, સુરેશ ગોહીલ તથા ભરત વાળા સાથે રહયા હતા. બંને કોલોનીમાં એન્ટરપ્રિનીયોરના સાથીઓની થયેલ તાલીમ અંગે ચર્ચા થઈ પ્રતિભાવો મેળવ્યા હતા. જેમાં તેઓને કરવાના થતાં વ્યવસાયના આયોજનની વાત કરી હતી.

જુનાગઢ લેપ્રેસી કોલોનીમાં પ્રત્યેક ઘરદીઠ મુલાકાત કરવામા આવી તો જોવા મળ્યુ કે કોલોનીમાં પીવાના પાણીની, ગંદકીની, સ્વચ્છતાની સમસ્યાઓ છે. આ ઉપરાંત સંકલન, સંગઠન અને એકતાની ઉણપ છે તો તેના હલ માટે અસરકારક તાલીમની જરૂર જણાઈ આવી હતી.

આ કોલોનીના યુવાનો મંડપ સર્વિસના વ્યવસાયમાં જોડાયા છે. મંડપ ડેકોરેશનનો સામાન અને તેને રાખવાની જગ્યા માટે ચર્ચા કરી હતી.

ભાવનગર લેપ્રેસી કોલોનીમાં બહેનો સિવણ વર્ગની તાલીમ લઈ રહી છે ત્યાં પ્રત્યક્ષ વિઝીટ દરમિયાન જોવા મળ્યું કે બહેનો હાલ સીલાઈ કામ શીખી રહી છે. સાથે વ્યસાયિક ધોરણે કામ પણ શરુ કર્યુ છે. જેમાં શિશુ વિહાર સંસ્થાનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે.



**જીવનની પરિસ્થિતીનો સામનો કરવાની યોગ્યતાનુ નામ શિક્ષણ છે.**

**એક સામાન્ય સમોસાવાળો**

આજનું ભારત ઘણું અદ્‌ભુત છે. કંઈ કહેવાય નહી તમને કયારે અજબ ગજબ વ્યકિત મળી જાય. વાત જાણે એમ છે કે, મારી નોકરી તરફથી ઘરે જવાની એ મુસાફરીની વાત છે.

હું ૧૮.૫૦ કલાકે ચર્ચગેટથી ટ્રેનમાં બેઠો, જયારે ટ્રેન મરીન લાઈન છોડવાની તૈયારીમાં જ હતી અને ત્યાં એક સમોસાવાળો ખાલી બાસ્કેટ લઈને ત્યાં આવ્યો અને મારી બાજુની જ સીટ પર બેઠો.

તે ડબ્બામાં ઘણી છુટી છવાઈ જગ્યા ઉપર ઘણાં બધા લોકો બેઠા હતા. અને તે મારાથી થોડા જ અંતરે બેઠો હતો. મેં એની લાથે વાતો કરવાનું શરૂ કર્યુ.

મે કહયું, '' આજે તમારા બધા જ સમોસા વેચાઈ ગયા લાગે છે.

સમોસાવાળો (સ્મિત કરતાં) : હા ભગવાનની દયાથી બધા જ વેચાઈ ગયા.

મે કહયું : હું ખરેખર એ વિચારથી દુઃખી થાવ છું કે, તમે લોકો આવા એકને એક કંટાળાજનક કામથી થાકી નથી જતા ?

સમોસાવાળો : શુ કરીએ સાહેબ ? આવા સમોસા જ રોજ વેચીને અમે દરેક સમોસા દીઠ ૭૫ પૈસા કમીશન મેંળવીએ છે.

મે કહયું : ઓહહહ!!!! ખરેખર ?? તમે એક દિવસના કેટલા નંગ સમોસા વેચાણ કરો છો?

સમોસાવાળો : અઠવાડીયાના કામકાજના દીવસો દરમિયાન ૪,૦૦૦/– થી ૫,૦૦૦/– નંગ અને રજાના દિવસોમાં ૩,૦૦૦/– નંગ સમોસા એક દિવસમાં વેચાણ કરૂ છું અને હું થોડી વાર માટે કાંઈ જ બોલી ન શકયો અને એની સામેં અવાક બનીને તાકી જ રહયો.

કારણ ફકત એટલું જ હતું કે, '' એ માણસનું કહેવું હતું કે, તે રોજના ૩,૦૦૦/– નંગ સમોસા વેચે છે. એક નંગદીઠ ૭૫ પૈસા કમીશન એટલે તેની રોજની આવક (કમાણી) રૂ. ૨,૦૦૦/– છે. તેથી તેની દર મહીનાની ૬૦,૦૦૦/– ની કમાણી થાય.

હે ભગવાન ! હવે હું તેની પાસે વાતચીત કરવા લાગ્યો, જે હવે ટાઈમપાસ ન હતો. મેં કહયુંઃ તમે આ સમોસા જાતે બનાવો છો?

સમોસાવાળોઃ ના સાહેબ, અમે સમોસા બનાવનારનાં ત્યાંથી તૈયાર સમોસા મેળવીએ છે અને ફકત તેને વેચીએ છીએ અને પછી માલિકને બધા જ પૈસા આપી દઈએ છે. તેમાંથી એ અમને નંગ દીઠ ૭૫ પૈસાનું કમીશન આપે છે. હવે હું આશ્ચર્યચકિત થઈને એક પણ શબ્દ બોલી ન શકયો, પણ તે સમોસાવાળાએ વાત ચાલુ રાખતા મને કહયું '' પરંતુ સાહેબ એક વાત કહું?

અમારી આમાંથી મોટા ભાગની બધી જ કમાણી અમારી રહેણીકહેણી અને વસવાટના ખર્ચામા જ જતી રહે છે અને બાકી વધેલા નાણાંમાંથી જ અમેં અમારો બીજો ધંધો ચલાવી શકવા સમર્થ છીએ.

મે કહયું : બીજો ધંધો ? તમે બીજો કયો ધંધો કરો છો?

સમોસાવાળો : જમીનનો ધંધો. '' મેં ૨૦૦૭ માં પાલઘરમાં ૧.૫ એકર જમીન ૧૦ લાખમાં ખરીદી હતી. અને ત્યારબાદ થોડા જ સમયમાં ૬૦ લાખમાં વેચી દીધી હતી. અને હવે મેં ઉમરોલીમાં ૨૦ લાખમાં જમીન ખરીદી છે.

મે કહયું : તમેં બાકીની રકમ સામે શું કર્યુ ? સમોસાવાળો : બાકી રહેતી રકમમાંથી ૨૦ લાખ મેં મારી છોકરીના લગ્ન માટે રાખ્યા છે. અને બીજા ૨૦ લાખ બેન્કમાં ફીકસ કર્યા છે.

મે કહયું : તમે કેટલું ભણ્યા છો?

***પ્રાથના એ ઈશ્વર પાસે પહોચવાની પાંખ છે.***

સમોસાવાળો : મેં ત્રીજા ધોરણ સુધી ભણીને ચોથા ધોરણમાં ભણતર છોડી દીધું હતું, પરંતુ હું સારી રીતે વાંચી અને લખી શકુ છું. તમારા જેવા ઘણા લોકો જે સારા કપડા પહેરી ટાઈ લગાવી, નવા બુટ પહેરીને છટાદાર અંગ્રેજી બોલતા હોય અને એર કંડીશનવાળી ઓફિસોમાં નોકરી કરતા હોય છે, પણ મારા માનવા પ્રમાણે તમે લોકો અમારા ગંદા કપડા પહેરતા અને સમોસા વેચતા લોકો કરતા વધારે કમાણી તો નઈ જ કરતા હોવ. આ સમયે એના આવા પ્રતિભાવ ઉપર હું શું જવાબ આપું ? કારણ કે, હું એક લાખોપતિ સાથે વાત કરી રહયો હતો. અને ત્યાંજ ટ્રેન ખાર સ્ટેશન પર ઉભી રહી. અને સમોસાવાળો તેની જગ્યા પરથી ઉભો થયો અને મને કહયું, " સાહેબ મારૂ સ્ટેશન આવી ગયું છે. તમારો આગળનો દિવસ શુભ અને મંગલમય જાય તેવી આશા સાથે આવજો."

મેં કહયું, " તમારી સંભાળ રાખજો" આનાથી વધારે હું તેને શું કહી શકું? (અને કદાચ કહી શકુ પણ નહી) એટલે જ કહે છે કે, સામાન્ય માણસોની શકિતને કદાપી નજર અંદાજ ન કરવી જોઈએ.

ડો. અબ્દુલ કલામે પણ કહયુ છે કે, છેલ્લી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ જયાં સુધી સ્પર્ધામાં ભાગ ન લે ત્યાં સુધી જ પહેલી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ બુધ્ધિશાળી હોય છે. ટૂંકમાં Never under estimate the power of common man

**કોલંબસ**

ભારત આવવા નીકળેલો કોલંબસ ભારત પહોંચતા પહેલા સાવ અજાણ્યા અમેરિકામાં પહોચી ગયો. કોલંબસ જયારે અમેરિકાથી સ્પેન પરત ફર્યો ત્યારે એની આ શોધ બદલ ત્યાંના રાજાએ મોટો સત્કાર સમારંભ રાખ્યો હતો. કોલંબસે કરેલા આ વિશિષ્ટ કાર્યથી એની નજીકના જ કેટલાક લોકો ઈર્ષાની આગમાં બળી રહયા હતા. એમા પણ રાજા તરફથી સત્કાર સમારંભના સમાચાર મળતા તેઓને વધુ બળ તરા થઈ. એ બધાએ સાથે મળીને કોલંબસને ઉતારી પાડવાની એક યોજના બનાવી.

કોલંબસ સત્કાર સમારંભમાં પ્રવચન કરવા ઉભો થયો ત્યારે આગળ આ બધા લોકોને જોઈને એ સમજી ગયો કે આ લોકો આજે મારું અપમાન થાય એવું કંઈક કરશે. પ્રવચન શરુ કરતા પહેલા અગાઉથી જ તૈયારી સાથે આવેલા કોલંબસે સભાજનોને કહયું, " મારી પાસેઆ એક ઈંડુ છે જે કોઈ બુધ્ધિશાળી હશે તે પોતાની બુધ્ધિનો ઉપયોગ કરીને આ ઈંડાને ટેબલ પર ઉભું રાખી દેશે. હું ઈચ્છુ છું કે આગલી હરોળમાં બેઠેલા મારા વિદ્વાન મિત્રો આ સભાને પોતાની બુધ્ધિનો પરિચય આપે. આગળની હરોળમાં બેઠેલા એક પછી એક વ્યકિતએ ઈંડાને ટેબલ ઉપર ઉભુ રાખવાના પ્રયાસો કર્યા પણ કોઈને સફળતા મળી નહી એટલે એક મિત્રએ કોલંબસને કહયું, આપ જ હવે આ ઈંડાને ટેબલ પર ઉભું રાખી દો ને."

કોલંબસે હાથમાં ઈંડુ લઈને ધીમેથી એક ભાગ ટેબલ સાથે અથડાવ્યો એટલે ઈંડાનો થોડો ભાગ સપાટ થઈ ગયો પછી ઈંડુ ટેબલ પર ઉભું રહી ગયું. આ જોઈને સામે બેઠેલા મિત્રોએ કહયું કે આમાં શું નવું છે આ તો કોઈપણ કરી શકે છે. કોલંબસે એમને એટલું જ કહયું કે, " તો તમે આ કેમ એમ ન કર્યુ." આ સાંભળીને બધા ચુપ થઈ ગયા.

મિત્રો, જયારે કોઈ નવું કાર્ય કરે તેની પ્રશંશા કરવાને બદલે આપણે તેની ટીકા કરીએ છીએ અને કહીએ છીએ કે આ તો બધા કરી શકે છે. આપણી અને આવા કામ કરનારા વચ્ચે ફર્ક માત્ર એટલો છે કે આપણે માત્ર વાતો કરીએ છીએ અને એ લોકો કરીને બતાવે છે.

**Engage on this month**

- 3-4 IEC training and review of CADP at Sayala
- 9-10 Visit a leprosy colony with representatice of Sasakava
- 8 Visit to AAPCL and meeting with board members and staff.
- 18 Team meeting
- 19 Staff training and exposer.
- 26 Cotton Connect Meeting - Ahmedabad.

**Happy Birthday**

| | |
|---|---|
| 1 Chandu M Raiyani | 01-05-1972 |
| 2 Gopal V Chudasma | 26-05-1980 |
| 3 Hetal M Joshi | 01-05-1980 |
| 4 Hemlata N Gavit | 26-05-1989 |
| 5 Kavita H Gamit | 17-05-1985 |
| 6 Ketan J Aahir | 29-05-1987 |
| 7 Paresh J Thakkar | 01-05-1975 |
| 8 Ratilal M.Sondarva | 14-05-1973 |
| 9 Sonal A Pathak | 09-05-1978 |
| 10 Surekha H Mehta | 26-05-1976 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી ન શીખવી શકે.**